# મહાનગર ભાજપના પ્રમુખ તરીકે ઋચિરભાઈ ભટ્ટે પદ ભાર સંભાળ્યો

**સંત-મહંતો, આગેવાનો, કોર્પોરેટરો, સમાજના શ્રેષ્ઠીઓ અને શુભેચ્છકો પહોંચ્યા હતાં**







ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ભાજપના નવા વરાયેલા પ્રમુખશ્રી ઋચિરભાઈ ભટ્ટે બુધવારે સવારે સેક્ટર ૨૧ ખાતે પક્ષના કાર્યલય કમલમ્ ખાતે પદ ભાર સંભાળ્યો હતો. મહાપાલિકા વિસ્તાર સહિત જીલ્લાભરમાંથી તેમને શુભેચ્છાઓ પાઠવવા કાર્યકરો અને શુભેચ્છકો પહોંચ્યા હતાં. સંતો-મહંતોની ઉપસ્થિતિમાં પદ ગ્રહણ કરવાની સાથે પ્રમુખશ્રીએ ઉપસ્થિત રહેલા પક્ષના આગેવાનો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, વેપારી આગેવાનો, સહકારી આગેવાનો, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ, વડિલોનો આભાર માન્યો હતો.

અભિનંદનની વર્ષાનો સ્વીકાર કરવાની સાથે ઋચિરભાઈ ભટ્ટે જણાવ્યુ હતું કે પક્ષના પ્રમુખશ્રી સી આર પાટીલ સહિત નેતાગણ દ્વારા તેમને મહાનગર ભાજપ સંગઠનને મજબુત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે લોક સેવાના યજ્ઞમાં આહુતિ આપવાના પૂર્ણ પ્રયાસો કરશે. ઉપસ્થિત તમામ શુભેચ્છકો દ્વારા તેમને પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી અને સંતો-મહંતો તથા વડિલ નેતાગણ દ્વારા આશિર્વાદ પાઠવવામાં આવ્યા હતાં.

# રાજ્યમાં ૨ ૩મીથી શાળા-કોલેજ 'અનલૉક'

**કોરોના કેર વચ્ચે રૂપાણી સરકારનો નિર્ણય : ૨૩મીથી ધો. ૯ થી ૧૨ અને કોલેજોમાં શિક્ષણકાર્ય શરૂ થશે, ધો. ૧ થી ૮ અંગે બાદમાં નિર્ણય લેવાશે, શિક્ષણકાર્યમાં ઓડ ઈવન ફોર્મ્યુલા લાગુ થશે, ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે**

ગાંધીનગર,તા.૧૧

શાળા શરૂ કરવા બાબતે શિક્ષણ વિભાગે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. કોરોનાની મહામારી વચ્ચે દિવાળી પછી રાજ્યમાં શાળા અને કોલેજો શરૂ કરવા માટે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને કેબિનેટ બેઠકમાં સર્વસંમતિથી શાળા-કોલેજ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શાળામાં કેન્દ્ર સરકારની જીઁનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે.

આ બાબતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસામાંએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતું કે, માર્ચ મહિનાથી લોકડાઉન વચ્ચે ગુજરાત પણ શાળા અને કોલેજો બંધ છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ઓનલાઈન લર્નિંગની વ્યવસ્થા કરી હતી. આજે ઝસ્ના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં શિક્ષણ કાર્ય તબક્કાવાર શરૂ થાય તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.આ વિષયમાં પરિપક્વ વિચાર કરવા માટે શિક્ષણ વિભાગ, શાળા-કોલેજ અને યુનિવર્સિટી, શિક્ષણ વિદો સાથે બેઠકોનો દોર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ સરકાર દ્વારા આખરી નિર્ણય કરવામાં આવ્યો છે.

સરકારે દિવાળી પછી એટલે કે, ૨૩ નવેમ્બરથી રાજ્યમાં મધ્યમમિક-ઉચ્ચ માધ્યમિક અને કોલેજોમાં ભૌતિક રીતે શિક્ષણ કાર્ય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૩ નવેમ્બર સોમવારથી ધોરણ ૯થી ૧૨ના વર્ગ ભારત સરકારની જીઁ ગાઈડલાઈડના પાલન સાથે શરૂ કરવામાં આવશે. કોલેજ અને યુનિવર્સિટીમાં પ્રથમ તબક્કે પોસ્ટ ગ્રેજ્યુએટ, મેડિકલ અને પેરામેડિકલ વર્ગો શરૂ થશે. અંડર ગ્રેજ્યુએટ કક્ષાએ ફાઈનલ યરના જ ક્લાસ શરૂ કરવામાં આવશે." અને પોલિટેકનિકલ સાયન્સ કોલેજ પણ ૨૩ નવેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ ઉપરાત કેન્દ્ર સરકારની જીઁ અનુસાર શાળા-કોલેજમાં ઓનલાઈન એજ્યુકેશન પણ શરૂ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં આવેલી તમામ બોર્ડની સરકારી, ગ્રાંન્ટેડ અને

**શાળા-કોલેજોમાં હાજર રહેવુ વિદ્યાર્થી માટે ફરજીયાત નહિ, વાલીની લેખિત બાંહેધરી લેવી પડશે, વિદ્યાર્થીને ફોર્મ અપાશે : કેન્દ્ર સરકારની એસઓપીનું પાલન કરવાની જવાબદારી આચાર્યને આપવામાં આવશે, થર્મલ સ્કેનિંગ બાદ બાળકોને થશે પ્રવેશ, ફાઇનલ યરની કોલેજો પણ ૨૩મી નવેમ્બરથી શરૂ કરાશે**

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના કોર્મશિયલ ઝોનમાં આજા-ફસાજા...

**વાહનોનો આડેધડ ખડકલો : સે-૨૧ માં આડેધડ વાહનો ખડકાતા ટ્રાફિક જામના દ્રશ્યો : સ્માર્ટ સીટીને અનુરૂપ પાર્કીંગ વ્યવસ્થા માટે અસરકારક આયોજન જરૂરી**





ગાંધીનગર તા ૧૧

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં પાર્કીંગની સમસ્યા બર્નિંગ છે. શહેરના કોર્મશિયલ ઝોનમાં રોજબરોજ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. પાર્કીંગના સ્થાને દબાણો તેમજ લારી ગલ્લા જોવા મળે છે. જયારે પાર્કીંગ પ્લેસ પણ પુરતી ન હોવાથી માર્ગ વચાળે જ વાહનો ખડકી દેવાય છે. આવા સંજોગોમાં હાલ દિવાળીના તહેવાર ટાંણે સે-૨૧ માં વાહન પાર્કીંગના મુદ્દે આજા .. ફસાજા જેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં પાર્કીંગની સમસ્યા શિરદર્દ સમાન બનતી જાય છે. આડા દિવસોમાં પણ નગરના કોર્મશિયલ ઝોનમાં વાહનો પાર્ક કરવાની જગ્યા મળતી નથી જયારે હાલ દિવાળીના દિવસોમાં પાર્કીંગના મુદ્દે સ્થિતિ કાબુ બહાર છે. નગરના સે-૧૬ સે-૨૪ અને સે-૨૧ માં નજર નાંખો ત્યાં વાહનોનો ખડકલો જોવા મળે છે. સર્વિસ રોડને અડીને જ દબાણો ખડકાઈ ગયા છે. જયારે વોક વે પર પણ લારી ગલ્લા સ્થિત છે. જેના લીધે વાહન પાર્કીંગની સમસ્યા વધુ પેચીદી બની છે. શહેરના સેકટરોમાં સ્થિત સોસાયટીમાં પણ પાર્કીંગના મામલે નવા નિયમો અમલી બનાવવા અનિવાર્ય છે. રહીશો મન ફાવે તે મુજબ પેવર બ્લોકનુ કામ કરાવી વ્યકિતગત પાર્કીંગ માટે જગ્યા પર હક્ક જમાવે છે. ત્યારે કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસના વિસ્તારમાં પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. શોપિંગ સેન્ટરને અડીને આવેલા સાંકડા સર્વિસ રોડ પર વચાળે જ વાહનોની કતાર જોવા મળે છે. જયારે આટલુ ઓછુ હોય તેમ પુરતી જગ્યા ન મળતા સેકટરોના રીંગ રોડ ફરતે પણ વાહનો પાર્ક કરી દેવાય છે. સે-૨૧ માં છેલ્લા પાંચ વર્ષથી પાર્કીંગનો પ્રશ્ન સળગતો છે. પરંતુ અનેક રજુઆત અને ઉચ્ચ કક્ષાએથી તૈયાર કરાયેલી યોજનાઓ પણ હજુ અમલી ન થતા પાર્કીંગની વ્યવસ્થા કરવાની યોજના અધ્ધરતાલ છે. સે-૨૧ માં કટાયેલા ફુવાર દુર કરીને નવુ પાર્કીંગ બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. ત્યારે દિવાળી ટાંણે બજારમાં ભારે ભીડ વચ્ચે વાહનોનો પણ ખડકલો જોવા મળે છે. પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા નથી ત્યારે આડેધડ વાહનો પાર્ક થતા શોપિંગ વિસ્તારમા માર્ગ

# શહેરમાં ઠંડીનો ચમકારો : પારો ૧૪ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. દિન પ્રતિદિન લઘુત્તમ તાપમાન ઘટતા ઠંડીની સારી એવી અસર જોવા મળી રહી છે. આજે લઘુત્તમ તાપમાન વધુ એક ડીગ્રી જેટલુ ગગડીને ૧૪ ડિ.સે. પર પહોંચી જતાં વસાહતીઓ હવે ઠંડીનો સારો એવો અનુભવ કરી રહ્યાં છે.

શિયાળો હવે જામતો જાય છે. દિવાળી નજીક આવતા આગાહી મુજબ જ ઠંડી વધવા લાગી છે. હજુ ચાર-પાંચ દિવસ અગાઉ ૧૬-૧૭ ડિગ્રીએ રહેલુ તાપમાન ઘટવા લાગ્યુ છે અને આજે ૧૪ ડિગ્રીએ પહોંચી ગયુ છે. વહેલી સવારે અને મોડી રાત્રે સારી એવી ઠંડી લાગે છે. પંખાની સ્પીડ સાવ ઓછી થઈ ગઈ છે.

લઘુત્તમ તાપમાન સતત ઘટતા હવે ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત ઉભી થઈ છે. દ્વિચક્રી વાહન પર ઘરની બહાર નીકળો ત્યારે સ્વેટર કે જેકેટ પહેરવુ પડે છે અને ઠંડા પવનોથી બચવા કાનટોપી પહેરવી પડે છે.

બેગમાં ભરીને મુકેલા ગરમ વસ્ત્રો બહાર કાઢવાની જરૂરીયાત ઉભી થઈ છે. લઘુત્તમ તાપમાન ઘટતા રાત્રીના સમયે માર્ગો પર અવરજવર ઓછી જોવા મળે છે. આગામી દિવોસમાં લઘુત્તમ તાપમાન હજુ વધુ ઘટે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# જિલ્લામાં કોરોનાના ૧૫ કેસ

**વાવોલમાં પાંચ સહિત તાલુકામાં સાત કેસ નોંધાયા : કલોલમાં ૪ કેસ, દહેગામમાં ૩ કેસ અને માણસામાંથી ૧ કેસ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કેસો મળવામાં સતત ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે. રાજ્ય સરકારે જો કે તેની સત્તાવાર યાદીમાં ગ્રામીણ વિસ્તારમાં ૧૯ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

જિલ્લામાં એન્ટીજન ટેસ્ટમાં મળેલા પોઝીટીવ કેસો અંગે મૌન સેવ્યુ છે. બાલવા ચોકડી ખાતે કરાયેલા ટેસ્ટ પછી વધુ ૪ કેસ મળ્યાના અહેવાલોને લઈ પણ તંત્ર મૌન સેવી રહ્યુ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વધુ ને વધુ બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. જિલ્લામાં આજે પણ મોટી વયના લોકો અને ગૃહીણીઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે જે રીતે કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાના સંકેતો આપી રહેલ છે જો કે તંત્ર દ્વારા હજુ આ અંગે સત્તાવાર સ્વીકાર કરવામાં આવ્યો નથી.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૫ કેસમાં ગાંધીનગરમાં ૭, માણસામાં ૧, દહેગામમાં ૩ અને કલોલમાં ૪ કેસનો સમાવેશ થાય છે. ૧૫ કેસમાં ૬ કેસ મહિલા દર્દીના છે અને ૬૦ થી વધુ વય ધરાવતા કેસોની સંખ્યા પણ સાત જેટલી છે. ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ દ્વારા હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારવામાં આવતાં તંત્રની કામગીરીનું ભારણ પણ વધ્યુ છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલ વાવોલ ગામમાં આજે એક જ દિવસમાં કોરોનાના પાંચ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આજે વાવોલમાં નોંધાયેલા પાંચ કેસમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

૫૮ વર્ષીય ગૃહીણી અને ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

૬૦ વર્ષના વેપારી, ૨૭ વર્ષીય ગૃહીણી તેમજ ૨૫ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સુઘડ ગામેથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સરગાસણ ગામેથી ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાનો કહેર : કોરોના સંક્રમિત વધુ ૨૨ દર્દીઓ મળ્યા

**આજે જીઈબી કોલોની અને સે. ૨૪ માંથી ૩-૩ કેસ અને સે. ૨૯, ૨૨, ૧૩ અને ૬ માંથી ૨-૨-૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૩, ૪, ૩૦, બોરીજ, સે. ૨૭, ૫, ૨૩ અને સે. ૨ માંથી પણ કેસ મળી આવેલ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૨ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા આ સાથે ૨૦૮૨ થવા જાય છે.

શહેરમાં દિપાવલી પર્વ નજીક આવતુ જાય છે પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા પણ વધી રહી છે. શહેરમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં અર્થાત કોમ્યુનીટી ટ્રાન્સમિશનમાં પ્રવેશી ચુક્યો હોવાની શંકા એકદમ પ્રબળ બની રહી છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસમાં જ ૮૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૨૨ કેસમાં નવ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોટી વયના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે જીઈબી કોલોની અને સે. ૨૪ માંથી ૩-૩ કેસ અને સે. ૨૯, ૨૨, ૧૩ અને ૬ માંથી ૨-૨-૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૩, ૪, ૩૦, બોરીજ, સે. ૨૭, ૫, ૨૩ અને સે. ૨ માંથી પણ કેસ મળી આવેલ છે. સ્થાનિક તંત્રએ ૨૨ કેસ નોંધાયાનું જણાવ્યુ છે ત્યારે સરકારે ૨૮ કેસ નોંધાયા હોવાનું જણાવ્યુ છે.

સે. ૩ માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સૌથી વધુ વસ્તી અને ગીચતા ધરાવતા સેક્ટર-૨૪ માંથી આજે ૩ કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. સે. ૨૪ માંથી ૭૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીની તેમજ ૪૮ વર્ષીય બિલ્ડરનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ બન્નેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રવિ સીઝનની વાવણીમાં વિલંબ થવાના સંકેતો

**દિવસ-રાતના તાપમાનની વિસંગતતાને કારણે ખેડૂતો પણ દ્વિધામાં : ચણા, તમાકુ, શાકભાજીનું વાવેતર વધી શકે છે : બટાટાનું બિયારણ મોંઘુ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં હજુ ઠંડીનું વાતાવરણ જામતુ નથી એટલે ખેડૂત પણ રવિ સીઝનની વાવણીને લઈ અવઢવની સ્થિતિમાં મુકાયા છે. દિવસે ગરમીનું પ્રમાણ અને રાત્રિના સમયે ઠંડીનું વાતાવરણ હોવાથી બેવડી ઋતુ ચાલી રહી છે. ખેડૂતો દ્વારા બિયારણના ભાવ પણ જે ઉંચકાયેલા છે તેને લઈ હાલ વાવેતર કયા પાકનું કરવુ તે માટે દ્વિધાભરી સ્થિતિમાં છે.

ખેડૂતો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યુ છે કે ખેડૂતો આ વખતે બટાકાનું બિયારણ જે મોંઘુ છે એટલે ચણા, તમાકુ, શાકભાજીના પાકોના વાવેતરની પસંદગી કરશે તેમ કહેવાય છે. જો કે કોન્ટ્રેક્ટ ફાર્મિંગ બટાટાનું થશે પરંતુ તેનો વાવેતર વિસ્તાર ઘટે તેવા સંકેતો મળી રહ્યા છે. જિલ્લાના કેટલાક ભાગોમાં છુટુછવાયુ વાવેતર શરૂ થયુ છે. વાતાવરણ સાનુકૂળ અને તે પછી ઘઉં અને અન્ય પાકોનું વાવેતર થશે. હાલ ખેડૂતો મગફળી, કપાસ અને અન્ય પાકોના વેચાણમાં વધુ સક્રિય જોવા મળી રહ્યા છે. રવિ સીઝન માટે સાનુકૂળ વાતાવરણ હજુ જામ્યુ ન હોવાથી વાવણી પણ વિલંબથી થશે તેવુ હવે સ્પષ્ટ થઈ રહ્યુ છે. સામાન્યત: ૧લી નવેમ્બરથી વાવણીનો આરંભ થઈ જતો હોય છે. ૧૫મી નવેમ્બરથી ઘઉં અને અન્ય પાકોનું વાવેતર થતુ હોય છે પરંતુ આ વખતે ઠંડી હજુ જામી નથી તેમજ દિવસનું તાપમાન જે ઘટવુ જોઈએ તે ઘટતુ નથી. આથી ખેડૂત દ્વિધાભરી સ્થિતિમાં વધારે જોવા મળી રહ્યો છે.


## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEP 2020**

(Rs. in Lacs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.09.2020 (Unaudited) | Half Year ended 30.09.2020 (Unaudited) | Quarter ended 30.09.2019 (Unaudited) | Quarter ended 30.09.2020 (Unaudited) | Half Year ended 30.09.2020 (Unaudited) | Quarter ended 30.09.2019 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 62,890.69 | 109,762.92 | 68,098.57 | 305,288.86 | 460,118.35 | 312,932.84 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 35,188.13 | 62,456.52 | 38,895.18 | 94,470.72 | 129,435.77 | 61,137.95 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 35,188.13 | 62,456.52 | 38,895.18 | 95,679.07 | 129,788.25 | 61,274.63 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 27,111.63 | 47,047.51 | 45,486.03 | 71,650.54 | 96,464.24 | 93,317.88 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 27,107.96 | 46,973.55 | 45,408.67 | 71,493.98 | 96,256.34 | 93,035.76 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,420.08 | 56,420.08 | 56,405.09 | 56,420.08 | 56,420.08 | 56,405.09 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | - | - | - | - | - |
| 8 | Earnings per share (EPS) | | | | | | |
| | a) Basic EPS (Rs.) | 4.81 | 8.34 | 8.06 | 8.84 | 12.76 | 12.34 |
| | b) Diluted EPS (Rs.) (face value of Rs. 10/- each) | 4.81 | 8.34 | 8.06 | 8.84 | 12.76 | 12.34 |

**Notes:**

1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)

2 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 11th November, 2020.

3 The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited

Place: Gandhinagar
Date: 11th November, 2020

Anil Mukim, IAS
Chairman and Managing Director



દિપાવલીના તહેવારો માટે ભેટ આપવા ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ તથા તમામ પ્રકારનું / ડ્રાયફ્રુટ વ્યાજબી ભાવે મેળવવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નોંધ : ડ્રાયફ્રુટ ઉપરાંત ડ્રાઈડ-ફ્રુટ, એલચી, લવીંગ, મરી, સૂંઠ-ગંઠોડા પાવડર, મઠીયા, સિકંદર સીંગ-દાળીયા, KIMIA ખજૂર વિગેરે વ્યાજબી ભાવે ઉપલબ્ધ છે.

**અરિહંત ડ્રાયફ્રુટ્સ**

બેંક ઓફ બરોડા (દેના બેંક) સામે, પુનિત એમ્પોરિયમની બાજુમાં, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર

સમય : સવારે ૯-૩૦ થી રાત્રીના ૯-૦૦ સુધી

સંપર્ક : આર.ડી. ગાંધી/હેમાંગ ગાંધી ૯૯૨૪૧ ૨૩૧૬૪/૯૩૭૭૭ ૨૩૧૬૪



૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL પ્રીમીયમ બ્રાન્ડ

UltraTech CEMENT The Engineer's Choice

હંમેશા એક કદમ આગે

Steel Tiger Award Winner

Build the Trust

Since 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)

૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫

ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com